Publication : Gujarat Pranam
Date: December 23, 2020

# સોમાણી હોમ ઈનોવેશન લિમિટેડે હાઈજિન અને ડિસઈન્ફેક્ટન્ટ ક્ષેત્રે પ્રવેશ કર્યો




નવી દિલ્હી, ૨૨ ડિસેમ્બર, ૨૦૨૦–'હિંદવેર એપ્લાયન્સિસ'ના નિર્માતા સોમાણી હોમ ઈનોવેશન લિમિટેડે હાલમાં ચાલી રહેલી કોવિડ-૧૯ કટોકટીના પ્રતિસાદરૂપે ડિસઈન્ફેક્ટન્ટ પ્રોડક્ટ્સ – હિંદવેર એક્ટિવિઓ ફુડ સ્ટરિલાઈઝર અને હિંદવેર પર્જ સરફેસ ડિસઈન્ફેક્ટન્ટ જનરેટર લોંચ કરીને સેલ્ફ-એસેન્શિયલ્સ સેગમેન્ટમાં ઝંપલાવ્યું છે. અનુક્રમે રૂ. ૪૯૯૦ અને રૂ. ૯૯૯૯ની કિંમત સાથે હિંદવેર એક્ટિવિઓ ભારતભરમાં મેટ્રો કેશ એન્ડ કેરી સ્ટોર્સ તથા સામાન્ય રિટેઈલ સ્ટોર્સમાં ઉપલબ્ધ છે તેમજ હિંદવેર ...so evok.in, ક્રોમા અને રિલાયન્સમાં ઉપલબ્ધ છે. ટૂંક સમયમાં આ પ્રોડક્ટ્સ ફ્લિપકાર્ટ અને **Amazon.in** ઉપર પણ ઉપલબ્ધ બનશે. ગ્રાહકોના આરોગ્ય અને સ્વચ્છતાને ટોચની પ્રાથમિકતા આપતાં કંપનીએ ટેક્નોલોજી પ્રોડક્ટ્સના નિર્માણ માટે તેના આરએન્ડડીમાં રોકાણ કર્યું છે, જેથી ભારતીય ગ્રાહકોને વાઈરસ અને બિમારીઓ સામે ડિસઈન્ફેક્શન ઓફર કરી શકાય.

હાલમાં ચાલી રહેલી મહામારીને કારણે સંસ્થાઓ અને લોકોને ફટકો પડ્યો છે તેમજ લોકોના જીવન, કામ, અભ્યાસ અને સામાજિક અંતર સાથે સંવાદની રીત કાયમી રીતે બદલાઈ ગઈ છે. વાઈરસ અને બેક્ટેરિયાને દૂર કરવા માટે સોમાણી હોમ ઈનોવેશન લિમિટેડે હિંદવેર દ્વારા એક્ટિવિયો લોંચ કર્યું છે. આ ફુડ સ્ટરિલાઈઝર છે, જેનાથી તાજા ઉત્પાદો, માંસ અને કટલરીને સાફ કરી શકાય છે.